ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગરનો વાર્ષિક સમારંભ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના ભાવસાર મિત્ર મંડળ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ નિવૃત્ત તથા બઢતી પામેલા કર્મચારીઓને સન્માન કરવાનો કાર્યક્રમ તા. ૨ ઉમી ડિસેમ્બર ૨૦૧૨ ને રવિવારે સાંજે ૫.૩૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે.

ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગરનો વાર્ષિક સન્માન સમારંભ તા. ૨ ઉમી ડિસેમ્બરે યોજાશે. જેમાં શૈક્ષણિક પારિતોષિક વિતરણ, નિવૃત્ત પામેલા તેમજ બઢતી પામેલા કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં પ્રથમ અને બીજા ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને યોગ્ય ઈનામો તથા અન્યને આશ્વાસન ઈનામ આપી સન્માનીત કરવામાં આવશે. સ્નેહ મિલન સમારોહમાં મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાથી ભોજન પાસ મંડળના હોદ્દેદારો પાસેથી વ્યકિત દીઠ રૂ. ૩૦ આપી તા. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ સુધીમાં મેળવી લેવા પ્રમુખ એમ.એસ. ભાવસારે જણાવ્યું છે.

ઘણા સમયથી વિવાદમાં પડેલી અને હવે કચરાપેટી તરીકે ઉપયોગમાં લેવામાં આવતી ગાંધીનગરની ફૂડકોર્ટ હવે કાર્યરત થાય એવું ખાણીપીણીના વેપારીઓ સહિત હવે તો સેકટર-૧૬ના વસાહતીઓ પણ ઈચ્છી રહ્યા છે કારણ કે, આ ગંદકીનો સામનો નિત્ય તેમને જ કરવો પડે છે. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર ખાતે મતદાર જાગૃતિ અંતર્ગત જિલ્લા કક્ષાનો માનવ સાંકળ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના મતદાતાઓ પોતાના મતનું મહત્વ સમજે અને જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તેવા ઉમદા આશયથી આજરોજ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ અંતર્ગત મતદાન જાગૃતિ માટેના જિલ્લા કક્ષાના ભવ્ય માનવ સાંકળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ યોજાયેલ આ કાર્યક્રમ ગાંધીનગર ખાતેના નવા સચિવાલયના ગેટ-૭થી માનવ સાંકળ સવારનાં ૯.૩૦ કલાકથી બે કલાક જેટલા સમય માટે રચવામાં આવી હતી. નગરજનોને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી. સ્વરૂપે મતદાન કરવાની પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણીનું મતદાન તા. ૧૭/૧૨/૨૦૧૨ ના રોજ યોજનારા છે. સમગ્ર જિલ્લામાં યુવાન સહિતના તમામ મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવામાં ઉમદા આશયથી સિસ્ટેમેટિક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટ્રોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અભિયાન અંતર્ગત જિલ્લામાં મતદાન

જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ગાંધીનગરની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ અને નગરજનો દ્વારા મતદાન અંગેની જાગૃતિ લાવવાના આશયથી આજરોજ ગાંધીનગર ખાતે માનવ સાકળ રચવામાં આવી હતી. આ માનવ સાંકળ સચિવાલય સંકુલના ગેટ નંબર-૭ થી શરૂ થઇ હતી. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ બે કલાક જેટલા સમય માટે રચાયેલ માનવ સાંકળમાં ઉભેલા તમામ કૉલેજના વિદ્યાર્થીઓ અને જિલ્લાના નાગરિકોની રૂબરૂ મુલાકાત લઇને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. માનવ સાંકળ રચવામાં સહભાગી બનેલ યુવક-યુવતીઓ તથા સ્વયંભૂ જોડાયેલ નગરના નાગરિકોએ માર્ગ પર આવતા જતા નાગરિકોને મતદાન કરવા બેનર, પોસ્ટર અને મતદાન જાગૃતિના મજાના સંગીતથી નમ્ર અપીલ કરી હતી.

જિલ્લામાં યોજાયેલ મતદાન જાગૃતિ અભિયાનના આ નવતર કાર્યક્રમમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, અગ્રણી નગરજનો, વિવિધ બેંકોના અધિકારી-કર્મચારીઓ, સરકારી અધિકારીઓ-કર્મચારીઓ, શાળા-કૉલેજના શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ વિકાસ અધિકારી શ્રી બી.જે.ભટ્ટ, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી એલ.પી. પાડલિયા, એક્સપેન્ડિચર મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસર અને અધિક નિવાસી કલેકટર શ્રી ડૉ. એમ.ડી. મોડિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આઈ.આર.મનસૂરી, જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિના, ગાંધીનગરનાં સભ્ય સચિવ શ્રી એ.એચ. મલીક સહિત જિલ્લા તંત્રનાં અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

સે-૭ આયુર્વેદ દવાખાને ૧૫મીએ ડાયાબિટીસ નિદાન યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

સરકારી આયુર્વેદ દવાખાનું સેકટર-૭ ગાંધીનગરમાં તા. ૧૫મી ડિસેમ્બરના રોજ મધુમેહ (ડાયાબિટીસ) નિદાન કેમ્પ વિના મૂલ્યે રાખેલ છે. સવારે ૧૦ થી ૧૨ સુધી યોજેલ છે. કેમ્પમાં ચેકઅપ માટે સિવિલ હૉસ્પિટલના તબીબી સેવા આપનાર છે. સરકારી આયુર્વેદ દવાખાના સેકટર-૭ના આયુર્વેદ ડૉકટર મમતાબેન દેસાઈએ જણાવેલ છે. વધુ માહિતી માટે મો. ૯૪૨૮૫૫૦૨૪૫ પર સંપર્કથી મળી શકશે.

ચ-માર્ગ પર બેફામ ગતિએ આવતી કારે એક્ટિવાને અડફેટે લીધું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સે-૨૪ ડબલ ડેકર ખાતે રહેતા જમનાદાસ આહુંજાણી તેમની પત્નિ અને દિકરીને લઈને એક્ટિવા પર મોડી સાંજે તેમના મિત્રની દિકરીના લગ્ન સમારંભમાં હાજરી આપવા ભાટ ગામે ગયા હતાં. રાત્રિના અરસામાં પરત ફરતી વખતે વિધાનસભાની સામેના માર્ગ પર સામેથી પુરપાટ ઝડપે આવી રહેલી કારે એક્ટિવાને અડફેટે લઈ લેતા ત્રણેય એક્ટિવા સવાર ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતાં. ત્રણેયને થયેલી ઈજાઓને પગલે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડયા બાદ અમદાવાદ લઈ જવાયા હતાં. આ બનાવ અંગે જમનાદાસની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે કારચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરુ કરી છે.

ગોરા હનુમાનજી મંદિરે સુંદરકાંડના પાઠ અને ભજન કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામે આવેલા શ્રી ગોરા હનુમાનજી મંદિર ખાતે ગુરૂ મહારાજ શ્રી દ્વારકાદાસજી બાપુની પુણ્યતિથિ નિમિત્તે સુંદરકાંડના પાઠ અને ભજન રાત્રિનો કાર્યક્રમ યોજાશે.

કોલવડા ગામના સોનીપુર-રૂપાલ રોડ પાસેના ચરામાં આવેલા શ્રી ગોરા હનુમાનજી મંદિર ખાતે તા. ૧૫મી ડિસેમ્બર-૨૦૧૨ ને શનિવારે રાત્રે ૮ કલાકે સુંદરકાંડના પાઠ તથા ભજનનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ પ્રસંગે ગુરૂ મહારાજ શ્રી દ્વારકાદાસજીની પુણ્યતિથિ નિમિત્તે પ્રસાદ ગ્રહણ કાર્યક્રમ સવારે ૧૧ કલાકે યોજાશે. સમગ્ર ધાર્મિક પ્રસંગનો લાભ લેવા આયોજકોએ ભક્તોને ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

છ શખ્સોએ મળીને હોકી અને પાઈપ વડે યુવાનને ધોઈ નાંખ્યો

લોનના હપ્તા ભરવાની નજીવી બાબતે થયેલી મારામારીમાં યુવાનને ફ્રેક્ચર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સે. ૨૭ ખાતે રહેતા યુવાને તેના અન્ય પાંચ મિત્રો સાથે મળીને પોતાને બાઈક લોન અપાવી આપનાર ચાંદખેડાનાં યુવાનને હોકી અને પાઈપ વડે ફરી વળ્યો હતો. બેંક લોનના હપ્તા ભરવાના મામલે મારામારી થવા પામી હતી. આ બનાવ અંગે ચાંદખેડાના ગૌરાંગ પરમારની ફરીયાદને આધારે છ શખ્સો વિરૂદ્ધ સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ચાંદખેડાના ગૌરાંગ ગૌતમભાઈ પરમારે ગાંધીનગર શહેરના સે. ૨૭માં રહેતા ઈરફાન ઈમામભાઈ સમાએ મહિન્દ્રા કંપનીમાંથી બાઈક માટે લોન અપાવી દીધી હતી. પરંતુ સમયસર લોનના હપ્તા ઈરફાને ન ભરતાં બાઈક પરત ખેંચાઈ ગયું હતું. દરમ્યાન ગૌરાંગે ઈરફાનને કહ્યું કે મે તને લોન કરાઈ આપી અને તુ હપ્તા કેમ ભરતો નથી? તે બાબતે બન્ને વચ્ચે બોલાચાલી થઈ જવા પામી હતી અને ઈરફાને તેના અન્ય પાંચ મિત્રો સાથે મળીને ગૌરાંગને હોકી અને પાઈપનો ઢોર માર મારીને ફ્રેક્ચર કરી નાંખ્યું છે. આ મારામારી બાદ ઘવાયેલા ગૌરાંગે હોસ્પિટલ ખાતે સારવાર લઈ સે. ૨૧ પોલીસમથકે છ શખ્સો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે તમામ આરોપીઓને ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા છે.

ચૂંટણીને પગલે જિલ્લાના તમામ પોલીસમથકો ખાલીખમ : જાહેર સભા માટે આવનાર સોનિયા ગાંધી માટે બંદોબસ્તમાં ૨૫૦ પોલીસ મુકાઈ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને પગલે જિલ્લાના તમામ પોલીસ મથકો ખાલીખમ થઈ જવા પામ્યાં છે. પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ગાંધીનગર જિલ્લામાંથી ૭૫૩ પોલીસ જવાનો અન્ય સ્થળોએ બંદોબસ્ત માટે મોકલવામાં આવ્યા છે તે ઉપરાંત આવતી કાલે જિલ્લામાં જાહેર સભા માટે આવનાર સોનિયા ગાંધીની સુરક્ષા વ્યવસ્થા માટે અઢીસો પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યા છે જેને પગલે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં કાગડા ઉડે છે.

પ્રથમ તબક્કાની આજે યોજાયેલી ચુંટણીમાં મતદાન મથકો પર ચુસ્ત બંદોબસ્ત માટે ગાંધીનગર જિલ્લાની ૭૫૩ પોલીસ મતદાન કેન્દ્રો પર મોકલવામાં આવી છે. આ પોલીસ આવતીકાલે બપોરે જિલ્લામાં હાજર થશે તે ઉપરાંત સોનિયા ગાંધીની જાહેર સભા ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં યોજાનાર હોવાથી ૨૫૦ પોલીસને બંદોબસ્ત માટે મુકવામાં આવ્યા છે. જિલ્લાની મોટા ભાગની પોલીસ બંદોબસ્તમાં હોવાથી તમામ પોલીસ મથકોમાં કાગડા ઉડી રહ્યા છે. બે દિવસ માટે જિલ્લાના તમામ પોલિસ સ્ટેશનો ખાલીખમ થઈ ગયા છે.

વાસણ ગામે સંગીતમય સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના વાસણ ગામે તા.૧૮મી ડિસેમ્બર ૨૦૧૨ને મંગળવારે રાત્રે ૮.૩૦ કલાકે શ્રી વૈજનાથ મહાદેવ મંદિર ૫૧ ફૂટ હનુમાનજીની પ્રતિમાના પટાંગણમાં અશ્વિનકુમાર પાઠકની વ્યાસપીઠે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. જેમાં સૌ ભકતજનોને ઉપસ્થિત રહેવા આયોજકોએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

ગાંધીનગર મેડીકલ સોસાયટી દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મેડીકલ સોસાયટીના પ્રમુખ ડૉ. પ્રદીપ ભાવસારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં ગાંધીનગર મેડીકલ સોસાયટી દ્વારા ગાંધીનગરના મેડીકલ ફિલ્ડ સાથે જોડાયેલા દરેક એલોપથી, આયુર્વેદિક, હોમિયોપેથીક, ડેન્ટલ, ફિઝીયો થેરાપીસ્ટ તેમજ કેમિસ્ટ ડૉક્ટર્સ ફેમિલીનો સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો.

ગાંધીનગરમાં ઉત્કૃષ્ટ મેડીકલ સેવાઓ આપનાર ડૉક્ટર્સને અને કેમીસ્ટ ભાઈઓને સ્નેહમિલન સમારોહમાં સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ૧૨૦૦ જેટલા ડૉક્ટર હાજર રહ્યા હતા. ગાંધીનગરની ઈન્ફોસીટી ક્લબ ખાતે યોજાયેલા આ કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન પ્રમુખ ડૉ. પ્રદીપ ભાવસાર અને ડૉ. નીતિન અનજાને કર્યુ હતું.

ગુજરાતી સાહિત્યકાર જય ગજ્જરને કેનેડામાં ક્વીન એલિઝાબેથ સેકન્ડ ડાયમન્ડ જ્યુબિલી મેડલ અર્પણ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતની ભૂમિનું ગૌરવ અને વિશ્વ સાહિત્ય જગતમાં ખીલેલું જય ગજ્જર નામનું સાહિત્યિક ફૂલ દેશ-વિદેશમાં પોતાની શબ્દ-સમૃદ્ધિની સુગંધથી મહેંકવા લાગ્યું છે. ત્યારે ગુજરાતીજન તેને કેવી રીતે ભૂલી શકે !!!

મહેસાણા જિલ્લાના પાનસર ગામના વતની જય ગજ્જર શિક્ષિક, ભાષાન્તરકાર, પ્રાધ્યાપક, વેપારી અને સી.ઈ.ઓ. તરીકે વર્ષોથી અનેક હોદ્દાઓ સંભાળી કેનેડામાં સ્થિર થયેલા તેઓ પોતાની કારકિર્દીમાં અનેક ક્ષેત્રો જેમ કે સામાજિક, સાંસ્કૃતિક અને વ્યાપારી સંસ્થાઓ, મંડળોના સભ્ય કે પ્રમુખ તરીકે સંકળાયેલા રહ્યા છે. સફળ અને સંસ્કારી સજ્જન તરીકે કેનેડિયન સમાજમાં પ્રતિષ્ઠા પામેલા જય ગજ્જરને અનેક એવોર્ડ અર્પણ થયા છે. કેનેડાના ગવર્નર જનરલ માનનીય ડેવિડ જોન્સટનના પ્રતિનિધિ વરિષ્ઠ પત્રકાર લોયડ રોબર્ટસના શુભાસ્તે જય ગજ્જરને જૂન-૨૦૧૨માં 'ક્વીન એલિઝાબેથ સેકન્ડ ડાયમન્ડ જ્યુબિલી મેડલ' અર્પણ કરવામાં આવ્યો હતો.

જય ગજ્જર મિસિસાગામાં એમના પુત્ર ડૉ. નીલ ગજ્જર સાથે રહે છે. આગામી દિવસોમાં તેમની 'દીવાની એક વાટ' નામની નવલકથા 'મંગલ ભાવના' નામનો નવલિકા સંગ્રહ તથા 'આ છે કેનેડા' વિશેષ માહિતી લેખો અંગેનું પુસ્તક પ્રકાશિત થશે.

દેશ વિદેશમાં છ દાયકા દરમિયાન સેવા અને સાહિત્ય ક્ષેત્રે જય ગજ્જરનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. ગુજરાતની ભૂમિ પર જન્મેલા અને પોતાના વતનને હૃદયમાં વસાવનાર જય ગજ્જર આજે પણ ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન દર વર્ષે દેશમાં એમના નિવાસ ગાંધીનગરમાં આવીને રહે છે. અને મિત્રો સજ્જનોને મળી ભૂતકાળનાં સંસ્મરણો વાગોળે છે.

આર.આર.સેલની ટીમે ૩૦ લાખનો દારૂનો જથ્થો ભરેલી ટ્રક પકડી

ગાંધીનગર, તા.૧૩

મોડાસા-શામળાજી હાઈવે પરથી હરિયાણા પાસીંગ ટ્રકમાંથી મસ મોટા વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી કરાઈ રહી હોવાની બાતમીને આધારે ગાંધીનગર રેન્જ આઈ.જી.ની સુચનાથી આર.આર. સેલની ટીમે વોંચ ગોઠવીને દામલ ગામ પાસેથી બાતમીવાળી ટ્રકને ઝડપી પાડી હતી. ટ્રકમાંથી રૂ. ૩૦ લાખની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. આર.આર. સેલની ટીમે દારૂ સહીત રૂ. ૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને દારૂની હેરાફેરીનું મૂળ સ્ત્રોત શોધવા ઝડપાઈ ગયેલા શખ્સની સઘન પુછપરછ આરંભી છે.

ગાંધીનગર રેન્જ આઈ.જી. શમશેરસિંઘને બાતમી મળી હતી કે હરીયાણા પાસીંગ ધરાવતી એક ટ્રક મોડાસા-શામળાજી હાઈવે પરથી પસાર થઈ રહી છે તેમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. આઈ.જી. શમશેરસિંઘની સૂચનાથી આર.આર. સેલના પી.એસ.આઈ. બોડાણા તેમની ટીમ સાથે હાઈવે પર વોચમાં ગોઠવાઈ ગયા હતા. બાતમીમાં મળેલા નંબરવાળી કાર ત્યાંથી પસાર થતાં આર.આર. સેલની ટીમે તે ટ્રકને પકડી પાડી હતી. ટ્રકમાં તપાસ કરતાં તેમાંથી એક પછી એક રૂ. ૩૦ લાખની કિંમતનો ૧૦૯૫ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આર.આર.સેલની ટીમે દારુ તથા ટ્રક મળી રૂ. ૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે. અને ચુંટણી ટાણે દારુની રેલમછેલ માટે લવાઈ રહેલો વિદેશી દારૂનો મસ મોટો જથ્થો કયાંથી લાવવામાં આવ્યો હતો અને કયાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની પુછપરછ શરુ કરવામાં આવી છે.

વિધાનસભાની ચૂંટણી હાથવેંતમાં છે ત્યારે વિવિધ પક્ષો સહિત સામાજિક સંસ્થાઓ પણ મતદાનની અપીલ સમાજને કરી રહી છે. આ ક્રમમાં ગુરુવારે ભારતીય કિસાન સંઘ દ્વારા પણ મતદાન માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

'આજ જાને કી જીદ ના કરો' શિર્ષક હેઠળ 'શિવરંજની' સંસ્થા દ્વારા યોજાયેલ ગઝલ સંધ્યામાં મુંબઈ અને જયપુરથી આવેલા યુવાન કલાકારોએ ગાંધીનગરના ગઝલ રસિકોને ડોલાવી દીધા.

પાટનગર યોજનામાં એક મહિનાથી ટાટાની ફોન સેવા ઠપ્પ

કેબલની ઉપલબ્ધીના અભાવે ફોન બંધ હોવાનો સુર

ગાંધીનગર, તા. ૧૩

પાટનગર યોજના ભવનમાં છેલ્લા એક મહિનાથી ટાટાની ફોન સેવા ઠપ્પ થઈ ગઈ છે. લાબા સમયથી વિવિધ ડિવિઝન કચેરીમાં ફોન બંધ હાલતમાં હોવાથી કર્મચારીઓ અને અધિકારીઓ તોબા પોકારી ગયા છે. આ મામલે સંબંધિત તંત્રને રૂબરૂ લેખીતમાં ફરીયાદ કરવા છતા કોઈ પરીણામ મળ્યું નથી.

શહેરમાં પાણી, ગટર અને લાઈટ શહિતની પાયાની સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી જેના શિરે છે તેવા પાટનગર યોજનાભવનમાં સ્થિત વિવિધ ડિવિઝનલ કચેરીમાં છેલ્લા એક મહિનાથી ફોન સેવા ઠપ્પ થઈ ગઈ છે. ટાટાના તમામ ટેલીફોન મુંગા થઈ જતા વહિવટી કામગીરીમાં પણ અવરોધ ઉભો થયોછે. ફોન સેવાના અભાવે અધિકારીઓ અને કર્મચારીઓ પણ હાલાકી ભોગવવી પડે છે. ટાટાના ફોન નંબરની આ સેવા સદંતર બંધ હોવાથી અરજદારો અને રજુઆતકર્તા પણ ઘણીવાર હાલાકી ભોગવવી પડે છે. આ મામલે પાટનગર યોજના ભવનના અધિકારીઓએ પણ સંબંધીત તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે. આમ છતાં મહિનાનાં લાંબા સમયગાળા બાદ પણ ફોન સેવા શરૂ થઈ શકી નથી. જ્યારે આ મામલે રૂબરૂ રજુઆતના અંતે કેબલ ઉપલબ્ધ ન હોવાથી આ પ્રશ્ન ઉદ્દભવતો હોવાનું પણ જણાવાયું છે. છેલ્લા એક મહિનાથી ટેલીફોન બંધ હાલતમાં હોવાથી કર્મચારીઓને મુશ્કેલી વેઠવી પડે છે. જેને ધ્યાને લઈ આ મામલે ત્વરીત પગલા લેવા રજૂઆતમાં જણાવાયું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪
સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૫ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૧.૧૫
ખેલાડી ૭૮૬ : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ખેલાડી : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦
તલાશ : ૧૨.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૨.૩૦, ૯.૩૦
તલાશ : ૪.૦૦, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦
જબ તક હૈ જાન : ૬.૧૫
ખેલાડી : ૯.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૯.૦૦, ૧૦.૧૫
તલાશ : ૧૧.૪૫, ૫.૦૦
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫
: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૪૫
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૦, ૩.૨૦, ૬.૦૫, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૦.૦૦
તલાશ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૨૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦
તલાશ : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગોરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
તલાશ : ૧૦.૩૦, ૧.૧૫, ૧૦.૧૫
સન ઑફ સરદાર : ૪.૧૫, ૭.૧૫

વિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવી યોજનાઓની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

વૃષભ : વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ. આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે.વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : આર્થિક સંતોષ રહેશે. કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્વ આપવું. સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે.

કર્ક : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ભવિષ્યની ચિંતા રહેશે. કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે.

સિંહ : પ્રયત્ન જરૂરી છે. કાર્યની ગતિ ઉત્તમ રહેશે. ધન-સંપત્તિનાં મામલા ઉકેલાશે. આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

કન્યા : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ મળી રહેશે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે.

તુલા : સંતાન આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે.

વૃશ્ચિક : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. જીવનસાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

ધન : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની પૂરી શક્યતા છે.

મકર : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

કુંભ : દામ્પત્ય જીવન સરસ રહેશે. આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે. તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વતુર્ળમાં આવી શકો છો.

મીન : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો. શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો.

ચિરવિદાય

- સ્વ. કાંતાબેન ગંગારામ શ્રીમાળી (ઉ.વ. ૭૬) પ્લોટ નં. ૨૪૬/૧, સેકટર-૩/એ, ગાંધીનગર.
- સ્વ. કાન્તિભાઈ મોહનભાઈ શ્રીમાળી (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૨૧૦/૧, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. બાલુબા વરવાજી વાઘેલા (ઉ.વ. ૯૨)મુ.પો. વડુસ્મા, તા. માણસા, જિ. ગાંધીનગર.